RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 196* Date: 14.05.2021 Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટના નિર્માણ સ્થળો પર ફોટા,વીડિયોગ્રાફી પર પ્રતિબંધ




ન્યુ દિલ્હી,તા.૧૩

મોદી સરકારની મહત્વાકાંક્ષી પરિયોજના સેન્ટ્રલ વિસ્ટા પર સતત ઉઠી રહેલા સવાલો વચ્ચે કેન્દ્રીય લોક નિર્માણ વિભાગ(સીપીડબ્લ્યુ)ના તેના નિર્માણ સ્થળો પર નો ફોટોગ્રાફી, નો વીડિયો રેકૉર્ડિંગનુ બોર્ડ લગાવી દીધુ છે. આ પરિયોજનાનુ નિર્માણ કાર્ય ઈન્ડિયા ગેટ પાસે ચાલી રહ્યુ છે. નિર્માણ સ્થળ પર જે સાઈન બોર્ડ લગાવ્યુ છે તેના પર સ્પષ્ટ લખ્યુ છે કે નો ફોટોગ્રાફી, નો વીડિયો રેકૉર્ડિંગ. વળી, એક અન્ય સાઈન બોર્ડ પર લખ્યુ છે કે આ સંપત્તિ સામાન્ય જનતા માટે નથી માટે મંજૂરી વિના અંદર પ્રવેશ કરવો નહિ.

આ પરિયોજનનાનુ નિર્માણ કરી રહેલ સીપીડબલ્યુડીને જયારે આ સાઈન બોર્ડ વિશે પૂછવામાં આવ્યુ તો તેમણે કંઈ પણ કહેવાનો ઈનકાર કરી દીધો. તમને જણાવી દઈએ કે કોરોના કાળમાં એક તરફ જ્યાં બધા ઉદ્યોગ ધંધા બંધ થઈ ગયા ત્યાં સેન્ટ્રલ વિસ્ટાનુ કામ સતત ચાલુ રહ્યુ. એવામાં ઘણા વિપક્ષી દળોએ નિર્માણ સ્થળ પર કાર્ય કરી રહેલા લોકોના સ્વાસ્થ્ય પર ચિંતા વ્યક્ત કરીને કેન્દ્ર સરકારને આડે હાથ લીધી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આને પૈસાની બરબાદી ગણાવી.

તમને જણાવી દઈએ કે આ પરિયોજના હેઠળ ઉપ રાષ્ટ્રપતિ ભવન, પ્રધાનમંત્રી આવાસ, નવા સંસદ ભવન, એક સામાન્ય કેન્દ્રીય સચિવાલયનુ નિર્માણ થવાનુ છે. ગયા સપ્તાહે કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ કોંગ્રેસ દ્વારા આ પરિયોજના પર સવાલ ઉઠાવવા પર કોંગ્રેસ પક્ષે તીખો હુમલો કર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે જ્યારે યુપીએની સરકાર હતી તો કોંગ્રેસે ખુદ આ પરિયોજનાનુ સમર્થન કર્યુ હતુ.

## વડાપ્રધાન મોદી ૨૦મેના રોજ રાજ્યોના જિલ્લાધિકારીઓ સાથે વાર્તાલાપ કરશે

ન્યુ દિલ્હી,તા.૧૩

દેશમાં વકરી રહેલા કોરોના સંક્રમણ વચ્ચે વડાપ્રધાન મોદી આગામી ૨૦ મેના રોજ એક મહત્વની બેઠકમાં સામેલ થશે. જાણવા મળ્યા મુજબ આ બેઠકમાં વડાપ્રધાન કોરોનાથી વધારે પ્રભાવિત હોય તેવા જિલ્લાઓના જિલ્લાધિકારીઓ સાથે ચર્ચા કરશે. એવું પહેલી વખત બનશે કે વડાપ્રધાન રાજ્યોના જિલ્લાધિકારીઓ સાથે જ સીધી ચર્ચા કરશે.

જાણવા મળ્યા મુજબ વડાપ્રધાન મોદી ૨૦ મેના રોજ ૧૦ રાજયના ૫૪ જિલ્લાધિકારીઓ સાથે ચર્ચા કરશે. આ એવા જિલ્લાઓ છે જ્યાં કોરોનાના સૌથી વધારે કેસ નોંધાયા છે. ૨૦ મેના રોજ બેઠકના પહેલા તબક્કામાં ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, પુડુચેરી, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઝારખંડ, ઓડિશા, કેરળ અને હરિયાણાના જિલ્લાધિકારીઓ સામેલ થશે.

ત્યાર બાદ વડાપ્રધાન બાકી બચેલા જિલ્લાધિકારીઓ સાથે પણ ચર્ચા કરશે. આ બેઠકમાં જિલ્લાઓમાં કોરોનાની સ્થિતિની સમીક્ષા થશે અને વેક્સિનેશનને પ્રોત્સાહિત કરવા ચર્ચા થશે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૦૭૪૨**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૭૨૫૩૫૩**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૦૯**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૫૨૬૯**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૫૯૩૩૦૨**

### વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન(WHO)ના રિપોર્ટમાં ખુલાસો

# ભારતમાં કોરોનાની બીજી લહેર માટે ધાર્મિક-રાજકીય તાયફા જવાબદાર

### ગત સપ્તાહે વિશ્વભરમાં જેટલા કેસ આવ્યા એમાંથી ૫૦% કેસ ભારતના હતા, ધાર્મિક અને રાજકીય કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભીડ એકઠી થતાં સંક્રમણ વધ્યું




*જિનિવા,તા.૧૩*

દેશમાં કોરોના સંક્રમણ ઝડપથી ફેલાવાનાં મુખ્ય કારણો ગયા મહિને યોજાનારી ચૂંટણીઓ અને કુંભ જ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના રિપોર્ટ દ્વારા પણ આ વાત સાબિત થઈ છે. કોરોના મુદ્દે ડબલ્યુએચઓ દ્વારા જાહેર કરવામાં આવેલા એક અપડેટમાં જણાવ્યું છે કે ભારતમાં કોરોનાનું સંક્રમણ વધવા પાછળનાં ઘણાં સંભવિત કારણો છે.

જોકે વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોઈપણ કાર્યક્રમનું નામ આપ્યું નથી, પરંતુ કહ્યું હતું કે ઘણા ધાર્મિક અને રાજકીય કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભીડ એકઠી કરવી એ સંક્રમણ વધવાનું એક કારણ પણ છે. આ કાર્યક્રમોમાં બેદરકારી દાખવવામાં આવી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ એમ પણ કહ્યું હતું કે સંક્રમણ વધવામાં આ કારણોએ કેટલી ભૂમિકા ભજવી એ અંગેની પરિસ્થિતિ સ્પષ્ટ નથી.

વિશ્વ આરોગ્ય સંસ્થા જણાવે છે કે ભારતમાં કોરોનાનો B.૧.૬૧૭ વેરિએન્ટનું પ્રથમ વખત ઓક્ટોબર ૨૦૨૦માં સામે આવ્યો હતો. અહીં કોરોનાના કેસો અને મૃત્યુનો ફરીથી વધારાથી B.૧.૬૧૭ અને B.૧.૧.૭ જેવા કેટલાક અન્ય બીજા વેરિએન્ટ સંબંધિત ઘણા અન્ય પ્રશ્નો ઊભા થયા છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના સાપ્તાહિક અપડેટમાં જણાવાયું છે કે ભારતના કોરોના પોઝિટિવ નમૂનાઓમાંથી ૦.૧%ને ગ્લોબલ ઈનિશિયેટિવ ઓન શેરિંગ ઓલ ઈન્ફ્લ્યુએન્ઝા ડેટા પર અનુક્રમિત કરવામાં આવ્યા હતા. જેથી કોરોના વેરિએન્ટ શોધી શકાય. એમાં સામે આવ્યું હતું કે B.૧.૧.૭ અને B.૧.૬૧૨ જેવા અનેક વેરિએન્ટને કારણે ભારતમાં કોરોનાના કેસ વધ્યા છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા અનુસાર, એપ્રિલના અંત સુધીમાં ભારતમાં કોરોનાના ૨૧% કેસોમાં B.૧.૬૧૭.૧ વેરિએન્ટ અને ૭% માં B.૧.૬૧૭.૨ મળી આવ્યો હતો. એ વાત પણ સામે આવી હતી કે અન્ય વેરિએન્ટની સરખામણીએ આ બંને વેરિએન્ટનો વૃદ્ધિદર ખૂબ જ વધારે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, ભારત પછી બ્રિટનમાં સૌથી વધુ B.૧.૬૧૭ના કેસ આવ્યા છે.

દુનિયાભરમાં કોરોનાની સ્થિતિ વિશે વિશ્વ આરોગ્ય સંગઠન કહે છે કે ગયા અઠવાડિયામાં નવા કેસો અને મૃત્યુમાં થોડો ઘટાડો થયો છે. આ દરમિયાન ૫૫ લાખ નવા કેસ આવ્યા અને ૯૦,૦૦૦ લોકોએ જીવ ગુમાવ્યો. કુલ કેસોમાંથી ૫૦% કેસ અને ૩૦% મૃત્યુ ભારતમાં જ થયાં છે. ગયા અઠવાડિયે દક્ષિણ-પૂર્વ એશિયામાં કુલ કેસના ૯૫% કેસ ભારતના હતા અને કુલ મૃત્યુમાંથી ૯૩% ભારતમાં જ થયા હતા.

### છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩.૬૨ લાખ પોઝિટિવ કેસ નોંધાયા

## દેશમાં સતત બીજા દિવસે ૪ હજારથી વધુ લોકોના કોરોનાથી મોત

ન્યુ દિલ્હી,તા.૧૩

ભારતમાં કોરોના વાયરસના કેસોની સંખ્યામાં બે દિવસ ઘટાડો નોંધાયા બાદ ત્રીજા દિવસે ભારતમાં ૩.૫ લાખથી વધારે કેસ નોંધાયા છે. હાલ દેશમાં બીજી લહેર ચાલી રહી છે અને તેમાં મૃત્યુઆંક અને સંક્રમિત દર્દીઓની સંખ્યામાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. હાલ ભારતમાં દુનિયાના બાકી દેશો કરતા સૌથી વધારે દૈનિક સંક્રમિત કેસ નોંધાઈ રહ્યા છે. જેમાં અમેરિકા અને બ્રાઝિલ જેવા દેશો પણ પાછળ છૂટી રહ્યા છે. ભારતમાં કેટલાક રાજ્યોમાં એક દિવસમાં નોંધાતા નવા કોરોના કેસની સામે દુનિયાના ઘણાં દેશના આંકડા નીચા નોંધાઈ રહ્યા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે ભારતમાં પાછલા ૨૪ કલાકમાં કોરોના વાયરસના વધુ ૩,૬૨,૭૨૭ નવા કેસ નોંધાયા છે. જ્યારે સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૩,૫૨,૧૮૧ નોંધાઈ છે. જ્યારે વધુ ૪,૧૨૦ દર્દીઓએ એક દિવસમાં કોરોના સામે દમ તોડ્યો છે. ભારતમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨,૩૭,૦૩,૬૬૫ થઈ ગઈ છે, જ્યારે સાજા થયેલા દર્દીઓની સંખ્યા પણ વધીને ૧,૯૭,૩૪,૮૨૩ સાથે બે કરોડની નજીક પહોંચી ગઈ છે. ભારતમાં સતત બીજી દિવસે ૪,૦૦૦ કરતા વધુ દર્દીઓએ કોરોના સામે દમ તોડ્યો છે જેની સાથે કુલ મૃત્યુઆંક ૨,૫૮,૩૧૭ થઈ ગયો છે. ભારતમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩૭,૧૦,૫૨૫ પર પહોંચી ગઈ છે. કોરોના સંક્રમણના લેટેસ્ટ ડેટા મુજબ, ભારત આ સમયે દુનિયામાં કોરોના સંક્રમણ અને તેનાથી થનારા મોતના મામલે પહેલા નંબરે છે. કોરોના સંક્રમણથી પ્રભાવિત દેશોમાં બ્રાઝિલ આ સમયે બીજા નંબર પર છે, જ્યાં પાછલા ૨૪ કલાકમાં ૨૫,૨૦૦ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૨૪ કલાક દરમિયાન અમેરિકામાં ૨૨,૨૬૧ કેસ નોંધાયા છે, જે ત્રીજા નંબર પર છે. આ પછી ફ્રાન્સ અને ઈરાનનો નંબર આવે છે જ્યાં ૧૮,૦૦૦ કરતા વધારે કેસ નોંધાયા છે. સૌથી ચિંતાની વાત એ છે કે એક તરફ ભારતમાં સતત બીજા દિવસે મૃત્યુઆંક ૪૦૦૦ને પાર કરી રહ્યો છે જ્યારે દુનિયાના કોઈ અન્ય દેશમાં આ આંકડા એક હજારથી પાર નથી થઈ રહ્યા. આઈસીએમઆર મુજબ ભારતમાં ૧૨ મે સુધીમાં ૩૦,૯૪,૪૮,૫૮૫ કોરોના ટેસ્ટ માટેના સેમ્પલ લેવામાં આવ્યા છે, જ્યારે બુધવારે વધુ ૧૮,૬૪,૫૯૪ સેમ્પલ લેવામાં આવ્યા છે. ભારતમાં કોરોના વાયરસ સામે લડવા રસીના કુલ ૧૭,૭૨,૧૪,૨૫૬ ડોઝ આપવામાં આવ્યા છે. ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૩ એપ્રિલના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે.

### કોરોના સંક્રમિતોને ૬ સપ્તાહ બાદ લગાવાશે વેક્સિન

## કોવિશિલ્ડના ૨ ડોઝ વચ્ચે ત્રણ મહિનાનું અંતર રાખવા સરકારી પેનલની ભલામણ

ન્યુ દિલ્હી,તા.૧૩

દેશમાં કોરોનાના કહેર વચ્ચે વેક્સિનની પણ કમી જોવા મળી રહી છે. હવે સરકારી પેનલે વેક્સિનના ડોઝને લઈને ભલામણ કરી છે. પહેલાં વેક્સિનના બન્ને ડોઝ વચ્ચે ૨૮ દિવસનું અંતર રાખવામાં આવ્યું હતું, જે બાદ વધારીને ૪૨ દિવસ કરાયું હતું. હવે સરકારી પેનલે ભલામણ કરી છે કે, ત્રણ મહિના બાદ બીજો ડોઝ આપવામાં આવે. પેનલનું કહેવું છે કે, કોવિશીલ્ડના બન્ને ડોઝ વચ્ચે ત્રણથી ચાર મહિનાનું અંતર હોવું જોઈએ. કહેવાઈ રહ્યું છે કે, આ ભલામણ વેક્સિનની કમીને કારણે કરાઈ છે.

સરકારી પેનલનું કહેવું છે કે, કોરોનાના દર્દીઓએ રિકવર થયાના છ મહિના બાદ જ વેક્સિનનો પ્રથમ ડોઝ લેવો જોઈએ. આ વચ્ચે કોવેક્સિન તૈયાર કરનારી કંપની ભારત બાયોટેકને ૨થી ૧૮ વર્ષના વય વર્ગ માટે રસીના બીજા ક્લિનિકલ ટ્રાયલની મંજૂરી આપવામાં આવી છે. ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા તરફથી આ મંજૂરી આપવામાં આવી છે. ભારતમાં બે રીતે રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે. કેન્દ્ર સરકાર ૪૫ વર્ષથી વધુની ઉંમરના લોકોને મફતમાં વેક્સિન આપી રહી છે. ઉપરાંત ૧૮થી ૪૪ વર્ષના લોકોને રસી માટે રાજ્ય સરકારો અને પ્રાઈવેટ સેક્ટરને પણ વેક્સિન ખરીદવાની મંજૂરી આપી છે. જો કે, કેન્દ્ર સરકારે આની માટે ક્વોટા નક્કી કર્યો છે. જેથી તમામ રાજ્યોને તેની વસ્તી પ્રમાણે રસી મળે.

### મ્યુકરમાઈકોસિસ અંગે ચર્ચા થઈ

## કોરોનાના વધતા કેર વચ્ચે વડાપ્રધાને હાઈ-લેવલ મિટિંગ યોજી સમીક્ષા કરી

ન્યુ દિલ્હી,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં વ્યાપેલા કોરોના સંકટને લઈને બુધવારે એક હાઈલેવલની મીટિંગ યોજી હતી. આ મીટિંગમાં ઓક્સિજન સપ્લાય અને દવાઓની ઉપલબ્ધતાનો રિવ્યુ કરવામાં આવ્યો હતો. કોરોનાથી સાજા થયા બાદ અનેક લોકોમાં મ્યુકરમાઈકોસિસની ફરિયાદ જણાઈ રહી છે તેના અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

મીટિંગમાં વડાપ્રધાન મોદીને સરકાર કોરોનાની સાથે મ્યુકરમાઈકોસિસ (બ્લેક ફંગસ)ની દવાઓના સપ્લાયનું સતત મોનિટરીંગ કરી રહી છે તેવી માહિતી આપવામાં આવી હતી. મીટિંગમાં હાજર મંત્રીઓએ તેઓ પ્રોડક્શન વધારવાથી લઈને સતત મેન્યુફેક્ચરર્સના સંપર્કમાં છે તેમ પણ જણાવ્યું હતું. તે સિવાય વડાપ્રધાનને દવાઓના કાચા માલ અને ઉપલબ્ધ પ્રોડક્શન અને સ્ટોકની જાણકારી પણ આપવામાં આવી હતી.

વડાપ્રધાનને રાજ્યોને તમામ જરૂરી દવાઓનો સપ્લાય આપવામાં આવી રહ્યો છે તેવી જાણકારી પણ આપવામાં આવી હતી. સાથે જ રેમડેસિવિર જેવી દવાઓનું પ્રોડક્શન સતત વધી રહ્યું છે તેમ પણ કહેવામાં આવ્યું હતું. વડાપ્રધાને ફાર્મા સેક્ટર અને સરકારે સાથે મળીને કામ કરવું જોઈએ જેથી દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત થઈ શકે તેમ જણાવ્યું હતું.

વડાપ્રધાને ઓક્સિજનની ઉપલબ્ધતા અને સપ્લાયની સ્થિતિનો પણ તકાજો લીધો હતો. તેમને પહેલી લહેરની તુલનાએ આ વખતે ઓક્સિજનનો સપ્લાય ૩ ગણો વધારવામાં આવ્યો છે તેવી માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત તેમને વાયુ સેના અને રેલવે દ્વારા ઓક્સિજન સપ્લાય માટે જે ઓપરેશન કરવામાં આવી રહ્યા છે તેના અંગે પણ જણાવવામાં આવ્યું હતું. તે સિવાય તેમને ઓક્સિજન કોન્સનટ્રેટર્સ, ઓક્સિજન સિલિન્ડર્સની ખરીદી ઉપરાંત દેશભરમાં લગાવાઈ રહેલા પીએસએ ઓક્સિજન પ્લાન્ટ્સની સ્થિતિ અંગે પણ જણાવવામાં આવ્યું હતું.

### કોરોનાની બીજી લહેરનો સામનો કરવામાં ભારત સદંતર નિષ્ફળ

## ભારતે ઉતાવળમાં દેશને અનલોક કર્યો: કોરોના સંકટ પર ડૉ.ફૌસી



વોશિંગ્ટન,તા.૧૩

અમેરિકન સંસદમાં રજુઆત કરતાં અમેરિકાના ચેપી રોગચાળા નિષ્ણાત ડો. ફૌસીએ જણાવ્યું કે દેશમાં કોરોના રોગચાળો સમાપ્ત થઈ ગયો છે એવી ખોટી ધારણાથી તમામ લોકડાઉન અને સાવચેતી ખોલી દેવાની ઉતાવળ કરવાથી ભારતમાં આજે ભયાનક સ્થિતિ સર્જાઈ છે. કોરોનાના અભૂતપૂર્વ બીજા વેવનો સામનો કરવામાં ભારત સરિયામ નિષ્ફળ ગયો છે. પરિણામે ભારતમાં સંખ્યાબંધ રાજયોમાં હોસ્પિટલોમાં આરોગ્ય કર્મચારીઓની ભારે અછત છે, વેક્સિન, ઓક્સિજન, દવાઓ અને બેડની અભૂતપૂર્વ અછત સર્જાઈ ગઈ છે.

ભારત આવી કફોડી સ્થિતિમાં એટલા માટે મુકાઈ ગયો છે કે કોરોનાનો પ્રથમ વેવ પુરો થતાં ભારતે ખોટી રીતે ધારી લીધું કે સમસ્યાનો અંત આવી ગયો છે. અને ઉતાવળે બધું જ ખોલી દીધું. જ્યારે કે અમેરિકા સહિત બાકીનું જગત જાણતું હતું અને તૈયારીમાં હતું કે કોરોનાનો બીજો વેવ ખુબ જ વિનાશકારી અને ભયાવહ હશે. ભારત એની પૂર્વતૈયારી કરવામાં નિષ્ફળ રહ્યું. ભારતની આ સ્થિતિ અમેરિકા માટે ચિંતાજનક છે.

સ્વતંત્ર રીતે અભ્યાસ કરતા નિષ્ણાતોની આંતરરાષ્ટ્રીય પેનલે બુધવારે નિષ્કર્ષ આપતાં જણાવ્યું હતું કે કોરોનાનો વિનાશકારી બીજો વેવ રોકી શકાયો હોત, પરંતુ કો-ઓર્ડિનેશનના અભાવ અને અનિર્ણાયકતાના કાતિલ કોકટેલના કારણે રોકી શકાયો નથી. નિષ્ણાતોએ વધુમાં જણાવ્યું કે સંખ્યાબંધ નેતાઓ દ્વારા શ્રેણીબદ્ધ ખોટા નિર્ણયોના કારણે કોરોનાએ ૩૩ લાખ નાગરિકોનો ભોગ લઈ લીધો, સાથે જ આખા વીશ્વના અર્થતંત્ર ઉપર મોટો ફટકો માર્યો.

## તંત્રી સ્થાનેથી...

# સંક્રમણ રેટ ૧૦ ટકાથી વધુ હોય ત્યાં છથી આઠ અઠવાડિયાંનું લોકડાઉન અનિવાર્યઃ આઇસીએમઆર

***ભારત દેશ અત્યારે કોરોનાની બીજી લહેરને પરિણામે અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે. તેવામાં આ મહામારીને નાથવા માટે દેશનાં વિવિધ રાજ્ય પણ અલગ-અલગ રણનીતિ બનાવતા હોય છે. અત્યારે મોટાભાગનાં રાજ્યમાં કોરોનાની સ્થિતિ પર કાબૂ મેળવવા માટે લોકડાઉન લાદવામાં આવ્યું છે. આ પરિસ્થિતિ અંગે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઇસીએમઆર)નાં હેડ ડો. બલરામ ભાર્ગવે સલાહ આપી હતી કે જે પણ જિલ્લામાં કોરોનાના સંક્રમણ રેટ ૧૦ ટકાથી વધુ હોય ત્યાં છથી આઠ સપ્તાહનું લોકડાઉન લાદવું અત્યંત આવશ્યક છે.***

***ભાર્ગવે જણાવ્યું હતું કે અત્યારે ભારત દેશમાં કોરોનાનો સંક્રમણ રેટ ૨૧ ટકાની આસપાસ છે. ૭૩૪માંથી ૩૧૦ જિલ્લામાં આ રેટ સમાંતર છે અથવા તો આના જેટલો જ છે.***

***કોરોના મહામારીની બીજી લહેરમાં યુવાનોનાં સંક્રમણ અંગે ડો. બલરામે જણાવ્યું હતું કે કોવિડ-૧૯ની પ્રથમ અને બીજી લહેરની જો તુલના કરવામાં આવે તો એ જાણવા મળે છે કે ઉંમરનું અંતર વધારે જણાઈ રહ્યું નથી. તેમણે કહ્યું કે ૪૦ વર્ષથી વધુ ઉંમરના લોકો પ્રતિકૂળ અસરો માટે વધુ સંવેદનશીલ હોય છે.***

***વધુમાં તેઓએ જણાવ્યું હતું કે બીજી લહેરની શરૂઆતમાં મોટાભાગનાં યુવાનો બહાર નીકળ્યા હતા અને આવા સમયે પહેલાથી કેટલાક વાઇરસનાં અંશ તો વાતાવરણમાં જીવંત હતા, તેથી એમનામાં પણ સંક્રમણનો દર વધ્યો હતો. અત્યારે ભારત દેશ કોરોના મહામારીની સૌથી ભયાનક લહેરનો સામનો કરી રહ્યો છે, કારણ કે દેશમાં પ્રતિદિને ચાર લાખથી વધુ પોઝિટિવ દર્દીઓ સામે આવી રહ્યા છે.***

***સરકારે મંગળવારે જણાવ્યું હતું કે કોવિડ-૧૯નાં કેસો અને મૃત્યુઆંકમાં પહેલા કરતાં ઘટાડો નોંધાયો છે, જોકે કર્ણાટક, કેરળ, તમિળનાડુ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને પંજાબ એવાં ૧૬ રાજ્યોમાં રોજના કેસમાં સતત વધારો થતો જોવા મળ્યો છે. સરકારનાં જણાવ્યા પ્રમાણે મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, છત્તીસગઢ, બિહાર, ગુજરાત, મધ્ય પ્રદેશ અને તેલંગણામાં સતત કેસોમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે.***

### કોવીડ ધન્વન્તરી હોસ્પિટલ ખાતે વિશ્વ નર્સ દિવસની ઉજવણી

# કોવીડ ધન્વન્તરી હોસ્પિટલના ચેરપર્સનશ્રી અંજુ શર્માએ નર્સિસનું બહુમાન કર્યું

**શ્રી અંજુ શર્માએ નર્સિસનેબિરદાવતા કહ્યું : આપનું જીવન કરુણાસભર છે. આપ જીવનદાતા છો. આપને શતઃ શતઃ નમન**



"વિશ્વ નર્સ દિવસ"એ નર્સની સેવાને યાદ કરવાનો ઉત્તમ દિવસ :શ્રી નાગરાજન,ડાયરેક્ટર, ઉચ્ચ શિક્ષણ

ગુજરાત સરકાર અને ડિફેન્સ રિસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશ(ડ્ઢઇર્ડ્ઢ) દ્વારા સંચાલિત ધન્વન્તરી કોવીડ હોસ્પિટલમાં વિશ્વ નર્સ દિવસની ઉજવણી પ્રસંગે નર્સિંગ સેવાનેને બિરદાવતા હોસ્પિટલના ચેરપર્સન શ્રી અંજુ શર્માએ કહ્યું : "જેમ સૈનિક સરહદ પર લડે છે, તેમ અત્યારે નર્સ હોસ્પિટલમાં જંગ લડી રહી છે."

શ્રી શર્માએ ભાવસભર વક્તવ્યમાં કહ્યું કે, આપ સૌનું જીવન કરુણાસભર છે. અને હું અહીં આવીને આપની પાસેથી ઘણું બધુ શીખી છું. અને મારા જીવનનો દ્રષ્ટિકોણમાં પરિવર્તન આવ્યું છે. તેમણે કોવીડ ધન્વન્તરી હોસ્પિટલમાં ફરજ બજાવતા મેલ-ફિમેલ નર્સને કહ્યુ કે, આપ સૌ કોવીડના દર્દીઓની સેવા માટે જીવનું જોખમ ઉઠાવો છો. તેમની કાળજી રાખો છો. તે માટે મને તમારા સૌ માટે માન ઉપજે છે."

તેમણે કહ્યું કે, કોવીડના સમયમાં નર્સ પોતાનું ઘરબાર છોડીને અહીં દર્દીની સેવા કરે છે, તે એક માત્ર વ્યવસાયિક ફરજ નથી, પણ માનવીય ફરજ છે.

આ પ્રસંગે ઉપસ્થિત ઉચ્ચ શિક્ષણના ડાયરેક્ટ શ્રી નાગરાજનેજણાવ્યું હતું કે , "વિશ્વ નર્સ દિવસ" એ નર્સની સેવાના યોગદાનને બિરદાવવાનો ઉત્તમ દિવસ છે. તેમણે નર્સ પ્રત્યે સન્માનનો ભાવ વ્યક્ત કરતા કહ્યું કે, આપની કટિબદ્ધતા જોઈને અમને ગૌરવ થાય છે.

ધન્વન્તરી કોવીડ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ શ્રી જયદિપભાઈ ગઢવીએ નર્સિંગ સ્ટાફને બિરદાવતા કહ્યું કે, અમને સૌને તમારા પર ગૌરવ છે. કારણ કે તમારા વિના આ જંગને જીતવો અશક્ય છે."

આ પ્રસંગે ઉપસ્થિત ધન્વન્તરી કોવીડ હોસ્પિટલના નર્સિંગ કો-ઓર્ડિનેટર શ્રી વિજેશ પટેલે કહ્યુ કે, ૧૨ મે દર વર્ષે વિશ્વ નર્સ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જેનો હેતુ સમાજમાં નર્સના યોગદાનને બિરદાવવાનો છે. તેમણે ઉમેર્યું કે, ખાસ કરીને કોવીડકાળમાં તો તબીબી સેવાની કરોડરજ્જુ સમાન નર્સિંગ સ્ટાફનું મહત્વ ઓર વધી ગયું છે.

આ અવસરે નર્સિંગ સ્ટાફે પણ તેમના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા.નર્સ બહેને કહ્યું કે, દર્દીને તેમના સ્વાસ્થ્ય ઉપરાત પરિવારની પણ ચિંતા હોય છે, પરંતુ અમે જ્યારે તેમની સાથે સંવાદ સાધીએ છીએ ત્યારે તેઓ હળવા થઈ જાય છે.

અન્ય એક નર્સે કહ્યું કે, જ્યારે ગભરાયેલા દર્દીઓ સાથે અમે સહાનુભૂતિપૂર્વક વાતચીત કરીએ છીએ ત્યારે તે માનસિક રીતે મજબૂત બને છે.

આમ, ધન્વન્તરી કોવીડ હોસ્પિટલમાં પ્રશાસનેખરેખર કોરોના વોરિયર્સ એવા નર્સિંગ સ્ટાફનું બહુમાન કરી તેમના આત્મગૌરવમાં વૃદ્ધીનો પ્રસંશનીય પ્રયાસ કર્યો.

## વાત સીધી સાદી છે.

સ્મરણનાં સુખ,દુખવાળી છે,
ધર્મ, કર્મ, નીતિ, રિતીની
વાત સીધી સાદી છે, પણ નહોતી,
દાદી,નાનીએ કહેલી છે,
જાત અનુભવે સહેલી છે,
સાતમે ટાઢું ખાતાં લોક,
શીતળા મા ને પૂજતાં લોક
મેળાની રંગત માણતાં લોક,
શોધ થઈ શીતળાની રસીની,
ગોળ ચકરડું જે ઘુમાવતાં,
એ ઈતિહાસ બેઠો બાવડે,
મહારોગે પીડા ભોગવતા
વિજ્ઞાનની શોધે રોગ નાઠો,
છપ્પનિયા દુકાળે ભૂખે મરતાં, ઢોર, માનવ કંકાલ અથડાતાં
ગજબ વિકટ એ કાળ વીત્યો,
વાત સીધી સાદી...... નહોતી, લોક,
જેને, તેને કોસ્યા નહી,
ભેળા મળી પાર કરી,
વિપદા પ્લેગ મહામારીની,
રાખમાંથી બેઠું છે સુરત
સમયનું ચકરડું ફરતું રહે,
રાજકાજ બદલાતાં રહે,
મન માણસનું માંકડું કૂદે,
જીવ કાજે, મારગ જાતે ગોતે,
રહી ગઈતી કસોટી બાકી,
હરતું,ફરતું આવ્યું આંગણે,
વંઠેલું એ રાઈનો દાણો તોયે
બાનમાં લઈ બેઠું છે સહુને,
કામ આપણાં જ એવાં થયાં
હાથનાં કર્યાં હૈયે જે વાગ્યાં,
આખી દુનિયા માથે લીધી,
શાણપણ પાસેથી,ભાગી ગયું,
જહેમત કરતાં ડોક્ટર,નર્સ,
સાથે અઢળક મદદગાર,જે
જાતે બફાતાં,જીવન કાજે,
ઘર,બાર છોડી રહે દવાખાને,
છપ્પનિયાં કરતાં સારું આ,
ઘરે બેઠાં તોય મળે છેસઘળું,
તો ય નખરાળાં બારે નીકળે,
નોતરું દે જાણ,હામે ચાલીને!
કોણ, કોને સમજાવે? વાત સો ટકાની,
સાલ,ઓણ સાલ ,રહીએ જપ વાળીને,
નાગરિક છઈએ,એ ધરમ તો પાળીએ,
સમયનાં નિશાને સઘળાં જ છઈએ,
વાત સમજીએ સાચી,ચાલો,
રક્ષા કવચ જે આવી ગયું છે,
લઈએ ચીવટ રાખી,વટ,અહમને
કોરે મુકી,માનવી માનવ થઈએ,
કરી છે જે ભૂલો ફરી કદી નવ કરીએ,
પરમ તત્ત્વોની માયા જોઈ,કાંઈ શીખીએ,
સંબંધનાં સરવાળાની કિંમત ઊંચી પામી,
ઝંખના એ, જાગ્યાં ત્યારથી સવાર માનીએ.

ઝંખના અખિલેષ

# કાલે અક્ષય તૃતીયામા વણ જોયું મુહર્તમા શુભ કાર્યો કરવાનો દિવસ હોવા છતાં નર્મદામા કોરોનાના કારણે લગ્ન સમારંભો ફીકા પડશે

રાજપીપલા, તા૧૩

ભારતીય સંસ્કૃતિમાં અક્ષય તૃતીયાને બહુ શુભ દિવસ માનવામાં આવે છે. એવું કોઈ શુભ કાર્ય નથી જે આ દિવસે ના થઈ શકે.પણ કાલે અક્ષય તૃતીયામા વણ જોયું મુહર્તમા શુભ કાર્યો કરવાનો દિવસ હોવા છતાં કોરોનાના કારણે લગ્ન સમારંભો ફીકા પડશે.નવા શુભ કાર્યો પણ થશે ઓછા થશે જોકે ઘરે બેઠા કાર્યકમો યોજાશે પણ શુભ મુહર્તનો લાભ પણ લેશે.

આ વર્ષે ૧૫ વર્ષ પછી અક્ષય તૃતીયાએ સૂર્ય, ચંદ્ર, શુક્ર અને રાહુ ઉચ્ચ રાશિમાં પ્રવેશ કરવાનો છે. આ સંયોગ સ્વયંમાં દુર્લભ માનવામાં આવે છે. તેથી જ આ દિવસ આ વખતે વધારે લાભદાયી છે. તેથી જ આ દિવસ સોનુ ખરીદવા માટે શુભ મનાય છે. અક્ષય તૃતીયા-અખાત્રીજ, પરશુરામ જયંતી, વર્ષી તપનાં પારણાનો દિવસ છે. સામાન્ય રીતે આ દિવસ લગ્ન માટે વણજોયા મુહૂર્તનો દિવસ ગણવામાં આવે છે



પરંતુ જ્યોતિષશાસ્ત્ર અનુસાર આ વર્ષે અખાત્રીજના દિવસે લગ્નાદિ માંગલિક કાર્યો માટેનું શુભ-શુદ્ધ મુહૂર્ત નથી.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# કોરોના સેવા યજ્ઞ અંતર્ગત ૧ હજાર રાશન કીટનું સિવિલ હોસ્પીટલ ખાતે કલેકટરશ્રીના હસ્તે વિતરણ કરવામાં આવ્યું.

કોરોનાનું સંક્રમણ રોકવા માટે ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ અને હેલ્થ વર્કસનો ખુબ મોટો ફાળો રહેલો છે, રાજ્ય સરકાર સાથે હવે સમાજના સેવભાવી સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાઓ અને અનેક દાતાઓ પણ જોડાયા છે. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત દ્વારા યુવા અનસ્ટોપેબલના સહયોગથી સમગ્ર રાજયમાં આવેલા ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સને રાશન અને જીવન ઉપયોગી વસ્તુઓની કીટ પહોચાડવાના રાજભવનથી શરૂ કરાયેલા ''કોરોના સેવા યજ્ઞ''ના બીજા તબક્કાની કીટનું આજરોજ ગાંધીનગરથી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. રાજભવન ગાંધીનગર ખાતેથી શરું થયેલ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ અને હેલ્થકેર વર્કર્સ માટેની બીજા તબકકાની રાશન કીટ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ૧ હજાર કિટ આવી પહોચી હતી. જેનું વિતરણ જિલ્લા કલેકટરશ્રી સંદિપ સાંગલેના હસ્તે કરવામાં આવ્યું. અમદાવાદ સિવિલના કિડની હોસ્પિટલ ખાતે આવેલ રાશન કિટ અહીનાં વર્ગ- ૪ના કર્મચારીઓ, ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ અને હેલ્થ વર્કસને આપવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી એ જણાવ્યું હતું કે રાજભવનથી શરૂ કરાયેલા આ ''કોરોના સેવા યજ્ઞ''ના માધ્યમથી ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ અને હોસ્પિટલોમા સતત કામ કરતા લોકો અને તેમના પરિવારનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. એમની રોજીંદી જીવન જરૂરી ચીજ વસ્તુઓની કીટ દાતાઓ તરફથી આપવમા આવતા અનેક પરિવારોને સહાય મળી રહી છે. સમગ્ર રાજયમાં ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સનો ખુબ જ મોટો ફાળો રહેલો છે. જેના થકી આપણે કોરોનાને હરાવવામાં સફળ રહીશું.


આ પ્રસંગે અધિક નિવાસી કલેકટરશ્રી હર્ષદભાઇ વોરા, સિવિલ સુપરીટેન્ડેન્ટ શ્રી જે.વી.મોદી, સિવિલ સ્ટાફ અને વર્ગ- ૪ ના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

### કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે એનડીઆરએફની ટીમોને તહેનાત કરાશે

# ટાઉટે નામના વાવાઝોડાથી સરકાર બની એલર્ટ: માછીમારોને દરિયો ન ખેડવા આદેશ

ગાંધીનગર,તા.૧૩

કોરોનાની મહામારી વચ્ચે અરબી સમુદ્રમાં ઉદભવી રહેલા વાવાઝોડાને પગલે ગુજરાત સરકાર અલર્ટ બની છે. ટાઉટે નામનું વાવાઝોડુ કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ટકરાઇ શકે છે એવી ભીતિને પગલે સરકાર હરકતમાં આવી છે. આ અંગે ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ વાવાઝોડા સામે સુરક્ષાની તૈયારી




અંગેની સમીક્ષા બેઠક કરી છે. સૌરાષ્ટ્રના સમગ્ર તંત્રને અલર્ટ આપવામાં આવ્યું છે. એ ઉપરાંત જિલ્લા કલેક્ટરોને સલામતીનાં પગલાં લેવા માટે પણ આદેશ આપી દેવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગને પણ સરકારે પગલાં લેવા તાકીદ કરી છે.

ટાઉટે વાવાઝોડાથી ગુજરાતના દરિયાકાંઠે જાન-માલહાનિનું નુકસાન ન થાય એ માટે રાજ્ય સરકારે એકશન પ્લાન ઘડયો છે. રાજય ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઇ છે. આ ઉપરાંત દરિયાકાંઠે રહેતા લોકોને સલામત સ્થળે ખસી જવા અપીલ કરાઇ છે. કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે એનડીઆરએફની ટીમોને તહેનાત કરવામાં આવશે. ગાંધીનગરમાં એક કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં આવશે, જ્યાંથી ટાઉટે વાવાઝોડા પર સીધી નજર રાખવામાં આવશે. એટલું જ નહીં, કચ્છ-સૌરાષ્ટ્રના કલેક્ટર સહિતના સ્થાનિક તંત્રને જરૂરિયાત મુજબ સીધી સૂચનાઓ પણ અપાશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સૌરાષ્ટ્ર અને કચ્છના કલેક્ટર સાથે ટેલિફોનિક ચર્ચા કરી છે. ખાસ કરીને કોરોનાના દર્દીઓને ધ્યાનમાં રાખી વાવાઝોડાથી નુકસાન ન થાય તેવાં પગલાં ભરવા સૂચનાઓ જારી કરાઇ છે, સાથે સાથે ડિઝાસ્ટર મેનેજમેન્ટે સાવધાનીનાં પગલાં લેવા માટે તૈયારીઓ આરંભી દીધી છે. તટરક્ષક દળના જવાનોએ પણ લોકોને દરિયાકાંઠેથી સલામત સ્થળે જવા જણાવ્યુ હતું. આમ, વાવાઝોડાની સંભવિત તબાહીને જોતાં સરકારી તંત્ર સાબદું બન્યું છે.

## ૧૮મે બાદ ધંધા-રોજગાર શરુ કરવા છૂટછાટ મળે તેવા પ્રદિપસિંહ જાડેજાના સંકેત

ગાંધીનગર,તા.૧૩

રિટેઈલ સેક્ટર સહિત ધંધા- રોજગાર શરૂ કરવા નાના વેપારીઓ, સંગઠનો તરફથી સરકાર સમક્ષ માંગણીઓ થઈ છે. કેબિનેટની બેઠકમાં આ મુદ્દે વિસ્તારથી ચર્ચા થઈ હતી.

ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ૧૮મી મે સુધી નાના વેપારીઓને ધીરજ રાખવાની અપીલ કરતા આ છ દિવસ પછી કોરોનાની સ્થિતિને આધારે સરકાર નિર્ણય લશે એમ કહ્યુ હતુ. રાજયમાં એપ્રિલ મહિનામાં પોઝિટીવિટી રેટ ૨.૦૬ ટકાથી વધીને ૮.૭૭ ટકાએ પહોંચ્યુ હતુ. જે હવે ૭.૬ ટકાએ આવ્યુ છે.

આ આંશિક ઘટાડા વચ્ચે ધંધા- રોજગાર પૂર્વવર્ત કરવા સંદર્ભે ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યુ કે, કોરોનાનું સંક્રમણ એટકે તેના માટે દિલ્હી, રાજસ્થાન, તમિલનાડુ અને મહારાષ્ટ્રે સંપૂર્ણ લોકડાઉન અમલમાં મૂક્યુ છે. ગુજરાતમાં વેપાર- ઉદ્યોગને અસર ન થાય અને કોવિડ-૧૯ના પ્રોટોકોલના પાલન સાથે જનજીવન રાબેતા મુજબ ચાલુ રહે અને સંક્રમણ અટકે તે માટે જરૂરી નિયંત્રણો સાથે આંશિક લોકડાઉન સાથે સરકારના પ્રયાસો રહ્યા છે.

# રાજપીપલા મા કોરોનાના મોતની વણઝાર રાજપીપલા સ્મશાન ગૃહમા ૪૨દિવસ મા કૂલ ૧૮૦ના અગ્નિસંસ્કાર



રાજપીપલા, તા ૧૨

રાજપીપલા સહીત નર્મદામા કોરોના મોતનો સિલસિલો છેલ્લા ૪૨દિવસ થી એક ધારો ચાલી રહ્યો છે. મોતનું તાંડવ થમતું નથી?રાજપીપલા સહીત નર્મદા જિલ્લામા કોરોનામા મોતનો આંકડો સતત વધી રહ્યો છે. સતત વધતા જતામોતના આંકડાઓ ચિંતાનો વિષય બન્યો છે. રાજપીપલા સ્માશન ગૃહના મોતના સત્તવાર આંકડા બોલી રહ્યા છે. નર્મદામા છેલ્લા ૪૨ દિવસમાં કૂલ ૧૮૦ના અગ્નિ સંસ્કાર કરાયાછે. આ સત્તાવાર આંકડા છે. રાજપીપલા કોવિદ મા દર્દીઓ દાખલથાય છે જેમાં ઘણા સાજા પણથાય છે પણ ઘણા દમ પણ તોડે છે. નર્મદામા એપ્રિલમા ૧૧૩અને મેં માસમાં ૧૨ દિવસ મા ૫૨ના રાજપીપલા સ્મશાન ગૃહ મા અગ્નિસંસ્કાર કરાયા છે.અત્યાર સુધીમાં નર્મદા મા ૩૪૪૫ કોરોનાના કેસો થઈ ચુક્યા છે. અને હવે રોજ હવે ૪૦ની એવરેજથી કેસો મા વધારો થઈ રહ્યો છે.જે ચિંતાનો વિષય છેતેમ છતાં આશ્ચર્યની વાત એ છે કે આરોગ્ય કોવીડ હોસ્પીટલ ના અત્યાર સુધી માત્ર ખોટા આંકડા બોલે છે. આંકડા છુપાવતાઆરોગ્ય તંત્ર ના ખોટા આંકડા સામે રાજપીપલા સ્મશાન ગૃહમા મૃતકો ના આંકડા જે બોલી રહ્યા છે.તે બતાવે છે કે કોવીડ હોસ્પીટલમા દર્દીઓ દમ તોડી રહ્યા છે છતાં આરોગ્ય તંત્ર ના અધિકારીઓ ચૂપ કેમ છે? દર્દીઓ સાજા થવા માટે તમારી હોસ્પીટલમા દાખલ થાય છે.પણ પછી મોતને કેમભેટે છે? શું તેમને સમયસર સારવાર નથી મળતી? કે પછી યોગ્ય ટ્રીટ મેન્ટ નથી મળતી?શું સાધનો નો અભાવ છે? રોજ વધતા મોતના આંકડા માટે જવાબદાર કોણ? એ પ્રશ્ન હાલ લોકોમા ચર્ચાઈ રહ્યોછે. રાજકીય નેતાઓ પણ ચૂપ કેમ છે જે પણ કોઈ કોવીડ ની મુલાકાત લે છે તે સબ સલામતની વાતો કરે છે પણ દાખલ દર્દીઓને મોતના મુખમાંથી ઉગરવાના પ્રયત્નો કેમ થતા નથી? તંત્ર મોત ના સાચા આંકડા કેમ છુપાવે છે? એ પ્રશ્ન હવે લોકો મા છેડે ચોક ચર્ચાઈ રહ્યો છે

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# નખત્રાણા તાલુકાના ૬ ગામડાઓમાં જાગૃતિ અને સમજદારીના પગલે કોરોનાને નો એન્ટ્રી

કોરોના મહામારી ના સમયમાં શહેરીકરણ પર બ્રેક લાગી છે અને લોકો ગામડાઓ તરફ પાછા વળી રહ્યા છે ત્યારે ગામડામાં તકેદારીના પગલાં લેવાય અને કોરોના સંક્રમણને વિસ્તરતું અટકાવવા પગલાં લેવાય તે જરૂરી છે. આ સંજોગોમાં ગ્રામ પંચાયતની કાર્યક્ષમ કામગીરી,લોકોની જાગૃતિ અને જનભાગીદારી ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. આવી જ જાગૃતિ અને જનભાગીદારી દાખવી છે નખત્રાણા તાલુકાના ૬ ગામડાઓએ કે જ્યાં કોરોના પ્રવેશી શક્યો નથી અને અપવાદરૂપ ક્યાંક પ્રવેશ્યો પણ છે તો ટકી શક્યો નથી.

નખત્રાણા તાલુકાના વિભાપર ગ્રામ પંચાયત દ્વારા સંપૂર્ણ ગામને સેનેટાઈઝ કરવામાં આવ્યું છે અગાઉ ગામમાં બે કેસ પોઝિટિવ કેસ આવ્યા હતા જેમને સ્થાનિક જ કવોરન્ટાઈન કરી મંગવાણા પી.એચ.સી ની ટીમ ના સહયોગથી સારવાર કરવામાં આવી હતી. અને તેઓ સ્વસ્થ પણ થઈ ગયા.આમ ગામમાં હવે એક પણ કેસ નથી તથા ૧૫ દિવસનું સ્વૈચ્છિક લોકડાઉન પણ કરવામાં આવ્યું છે.આ ઉપરાંત અન્ય આરોગ્યને લગતી બાબતો જેમ કે ટેસ્ટિંગ હોય કે રસીકરણ હોય અથવા દવાઓ વગેરે માટે મંગવાણા પી. એચ.સી.નો પૂરતો સહકાર મળી રહે છે.રસીકરણ અંગે પણ વિભાપર સરપંચશ્રીના જણાવ્યાનુસાર ૬૦ વર્ષથી વધુના લોકોનું ૬૦ ટકાથી વધુ રસીકરણ થયું છે અને હજી પણ વધુ રસીકરણ કરાવવા તેમજ હાલમાં યુવાનોને રસીકરણ અંગે જાગૃત કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત નખત્રાણા તાલુકાનું ખારડીયા, કોટડા(રોહા),ખીરસરા(નેત્રા),રોહા(સુમરી) તેમજ ઉલટ જેવા ગામડાઓ છે કે જ્યાં આસપાસની પી.એચ.સી. તેમજ આશાવર્કરના સહયોગ અને લોકોની જાગૃતિ અને સમજદારી ના પગલે ગામમાં કોરોનાને નો એન્ટ્રી છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા
આઠ પદ્ય રચના પ્રસિદ્ધ કરવામાં આવી છે.
વિષય : "જીત - હાર, વિજય - પરાજય". તેમજ
"માં" વિષયક રચનાઓ. દિવસ - ૪
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
એડમિન ટીમ.: નિર્ણાયક મંડળ, જયકાંતભાઈ ઘેલાણી, વિભૂતિ બેન દેસાઈ, પ્રદિપ રાવલ, સહયોગી : આરતી મરચંટ, અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

NOG SS.NO : 0026
વિષય - હાર, જીત, વિજય, પરાજય.
શીર્ષક - હાર, જીત
પ્રકાર - પદ્ય. ગઝલ
છંદ - ગાલગાગા ગાલગાગા ગાલગાગા.
રમલ છંદ.

જીત સાથે હાર છીએ હું અને તું.
ક્યાં પછી નાદાર છીએ હું અને તું!
સૂર જુદા ભાવના પણ એક જેની,
એજ વીણા, તાર છીએ હું અને તું!
હારતાં દિલ જે મળ્યું તે જીત જેવું,
પ્રીતનો આધાર છીએ હું અને તું.
કેમ પીડા લોક પારાવાર દે છે?
આંસુઓની ધાર છીએ હું અને તું.
કોઈ ચીલો ચાતરીને મૂકશું ત્યાં,
સાથનો આભાર છીએ હું અને તું.

અંજના ગાંધી "મૌનુ", વડોદરા

---

NOG.SS NO 0026
ગઝલ - "મા". ગાલગાગા ગાલગાગા ગાલગા

રાહપર મારી નજર કરતી હશે!
"મા" છે એતો ક્યાં સબર કરતી હશે!
જૂની યાદો તરબતર કરતી હશે!
ઘર સજાવી, ત્યાં નગર કરતી હશે!
ઉંબરો ઘરનો ભલે ડુંગર થયો!
ઝાંપલી સુધી, સફર કરતી હશે!
હાથ એનો લાગતો મારે શિરે!
ત્યાં દુઆઓ એ અસર કરતી હશે!
આવશે ઘરમાં દુલારો આજ તો!
વાત મારી મુજ વગર કરતી હશે!

અંજના ગાંધી "મૌનું", વડોદરા

---

NOG SS No: 0015
વિષયઃ- હાર, જીત
પ્રકારઃ- પદ્ય (ગઝલ)
(ગાલગા ગાલગા ગાલગા ગાલગા)
શીર્ષકઃ- જિંદગી

સુખને આકાર છે, દુઃખ નિરાકાર છે
માનવી પાસ આ એક ઉપહાર છે
હાર પર જીતનો, જીત પર હારનો
કાયમથી ચાલતો સરળ વે'વાર છે
ખોતરી ખોતરી દુઃખને પણ કાઢશે,
સુખને પણ આપશે થોડું ઉધાર છે.
ત્રાજવે જોખશે એક સરખા જ બે,
દેવના ચોપડે આ જ સંસાર છે.
ચૂક ના થાય એની જરા પણ કદી,
માપ લઇ કાપતી, નેક તલવાર છે
શોધતા ભીતરે જે મળે 'મેહુલા',
જિંદગી સુખ અને દુઃખ તણો સાર છે.

મેહુલ ત્રિવેદી (ઘાયલ મેઘ) ખેરાળી

---

NOG SS No : 0015
માતૃદિવસ ઉજવણી
વિભાગઃ-પદ્ય
શીર્ષકઃ- મા જીવે છે

દુઃખની સામે મો મલકાવી મા જીવે છે.
આનંદને હોઠે છલકાવી મા જીવે છે.
ખાલીપો ભીતર સંતાડી જીવન કેરો,
ખુદને એ ખંતથી ખખડાવી, મા જીવે છે.
દાગ, દરદ ને દિલની દરારો દાટી દઇને,
દિલમાં દયાને એ દોડાવી, મા જીવે છે.
આશાથી આપે આમંત્રણ અજવાળાને,
એવા અંધારા અટકાવી, મા જીવે છે.
પંથે પાડી પા પા પગલીઓ પોતાની,
પગદંડી પ્રેમની પ્રગટાવી, મા જીવે છે.

મેહુલ ત્રિવેદી (ઘાયલ મેઘ) ખેરાળી

---

NOG સાહિત્ય સરિતા ( ૧ )
NOG SS No: 0039
વિષય - હાર, જીત, વિજય, પરાજય
પ્રકાર - પદ્ય - અછાંદસ
શીર્ષક - રમત રમાડે રામ

ખુશ થા તું તારી જીતથી, હાર હું પણ માનીશ નહિ!
હરખાઈ લે ભલે મનમાં, પરાજય હું પામીશ નહિ!
રૂપ, રંગ ને ચાલ જીવનની માનવ જાણી શક્યો નહિ!
કેવા અકળ રહસ્યો એનાં, મનુષ્ય પામી શક્યો નહિ!
ચાલ જીવનની શતરંજનો ઘોડો! ચાલ સમજી શકું નહિ!
ક્યારે, કઈ, કેવી રમત રમે! તારા ખેલ સમજી શકું નહિ!
રમું હું દિલથી, નિયતથી, તો ય તું હરાવી દે મને!
પાસા નાંખું ખૂબ ચીવટથી તો ય એને ય તું ઉલ્ટાં કરે!
મારાં જ કર્મોનો હિસાબ સાચો, મને કરતા આવડે નહિ!
જાણે તું જમા ઉધારની રજેરજ! એ મુજબ ચાલ તારી!
છે જિંદગી એક રમત તો ખેલદિલીથી હું રમીશ!
જય કે પરાજય જે હોય મારા ભાગ્યે, હરખે હું ઝીલીશ!
જે રમે એ જ હારે ને જીત પણ એની જ હોય!
મેદાન છોડી ભાગી જનારા, ખેલદિલ કહેવાતા નથી!

પ્રફુલ્લા "પ્રસન્ના", અમદાવાદ

---

NOG SS No :-0038
વિષય :- હાર, જીત વિજય પરાજય
વિભાગ :- પદ્ય
શીર્ષક :- જાણું છું

તારી સામે હારીને પણ જીતુ છું,
કલાકાર તું મહાન છે એ જાણું છું.
ભલે થાઉં હેરાન આજે રઝળપાટમાં,
કાળજું તારું બળે છે એ જાણું છું.
તને લલકારી નીકળવા ગયો આગળ,
બતાવી રહ્યો શક્તિ તું એ જાણું છું.
માયાવી માયા પાછળ ભાગુ હું,
માયા ઉપર જીત તારી એ જાણું છું.
આજે પુરાઈ રહ્યો પાંજરે ભલે,
આભમાં ભરીશ ફરી ઉડાન એ જાણું છું.
માન અપમાન હોય અમ માનવને,
તું તો દયાનો સાગર છે એ જાણું છું.
જીત અપાવે પ્રભુ તું મને જગમાં,
"આકાંક્ષા" પૂરી કરનાર તું છે એ જાણું છું.

શીલા પટેલ "આકાંક્ષા"

---

NOG SS No.0081
વિષય : હાર, જીત, વિજય, પરાજય
પ્રકાર : પદ્ય
શીર્ષક : માંડી છે ચોપાટ

ચોપાટ માંડી છે તારણહાર તેં,
એક નહીં બે બે વાર,
હારીશ નહીં થાકીશ જરૂર,
પણ છોડીશ નહીં મેદાન.
ફેંકવા હોય એમ ફેંકજે પાસાં,
તારે તાબે છે રમત આખી,
દાવ મારો પણ બાકી જ છે,
રમીશ તુજ પર શ્રદ્ધા થકી.
હારવા રમ્યો નથી જીત પાકી છે,
હું હારું તો જીત તારી પણ નથી,
શરીર ધગે, શ્વાસ રૂંધાય, ડોક્ટર નવ? હારે,
પણ તારી ઈચ્છા સર્વોપરી.
થાય પેઢી આખી ગરક,
એવો આ મહામારીનો માર,
માણસાઈ જીતે, માણસ હારે,
એવી તારી બેધારી ચાલ.
આજ ભલે અવળા પડે પાસાં મારાં,
દાવમાં તું જ સામે છે,
કાલ હજી તો બાકી જ છે,
ઊગશે સોનેરી પરભાત
એ પાક્કું છે.
તારી આ ભોમકા, તારી આ ધરતી ,
મારી હાર તુજને શું ગમતી ?
ભારત ગુંજશે અખિલ વિશ્વમાં ,
તપ, ભક્તિ , જ્ઞાન, સેવાનાં બળ થકી!

માયા દેસાઈ ,મુંબઈ, ભારત.

---


NOG SS.NO. 0098
प्रकार:- पद्य
विषय:- हार-जीत,विजय-पराजय
शीर्षक:- शस्त्रहीन युद्ध ।

हे दयानिधे! रथ रोको अब,
क्यों प्रलय की तैयारी है ।
हार-जीत, विजय-पराजय चहुँओर
ये बिना शस्त्र का युद्ध है जो,
महाभारत से भी भारी है ।।

नैना रोते-रोते सूखे,
अब नीर कहाँ इन आंखों में।
परवाज पर जिनका गर्व बड़ा,
अब जान कहाँ इन पांखो में ।।
अपने भी साथ नहीं अपने,
जंग जीवन से यूं जारी है,
ये बिना शस्त्र का युद्ध है जो,
महाभारत से भी भारी है ।।
हमने खुद को यूँ बसा लिया,
वैज्ञानिकता की बांहों में।
अवरोध खड़े कर दिए बड़े,
हर एक दूजे की राहों में ।।
धरती माता का दोहन तो ,
कर लिया अब गगन की बारी है।
ये बिना शस्त्र का युद्ध है जो ,
महाभारत से भी भारी है ।।
जिन मुश्किल से गुजर रहे,
ये खेल हमारे अपने हैं।
जीवन अनमोल बिका जिन पर,
कुछ चंद सुखों के सपने हैं ।।
हर ओर तमस दिखता है,
अब भय में हर रात गुजारी है।
ये बिना शस्त्र का युद्ध है जो,
महाभारत से भी भारी है ।।
कितने परिचित कितने अपने,
कितने आखिर यूँ चले गए।
जिन हाथों में दौलत संबल,
सब क्रूर काल से छले गए ।।
नित प्रलय चहुँओर ज़ारी है,
नित कहीं हारे, नित कहीं जीते,
ये बिना शस्त्र का युद्ध है जो,
महाभारत से भी भारी है ।।
हे राघव- माधव - मृत्युंजय,
पिघलो ये अर्ज हमारी है,
ये बिना शस्त्र का युद्ध है,
जो महाभारत से भी भारी है ।।

✍
लीना शर्मा
हालोल ।

## જનોઈ છુ




યજ્ઞ ઉપવીત=
યજ્ઞ કરવા લાયક
સોળ સંસ્કારો નું શ્રેષ્ઠ
સંસ્કાર છુ,
ઓળખો છો મને..?
હું ઉપનયન (યજ્ઞોપવીત)
સંસ્કાર છુ.
જનોઈ સિવાય બીજા નામોથી પણ હુ ઓળખાઉં છુ,
ઉપવીત, બ્રહ્મસૂત્ર, મોનિબંધન, વ્રતબંધન પણ કહેવાઉં છુ.
હવે આપને
મારુ ઘડતર કહું છુ.
ચાર આંગળી ઉપર ૯૬ વાર વીંટવાના હોય છે
બાદ મને ત્રણ ગણા કરી
વળ ચઢાવાય છે.
કુલ હું નવ તારની
હોઉં છુ.
પ્રથમ તાર પર
ઓમકાર તો
બીજા તાર પર અગ્નિ,
ત્રીજા તાર પર નાગ,
ચોથા તાર પર સોમ,
પાંચમા તાર પર પિતૃઓ
છઠ્ઠા તાર પર પ્રજાપતિ,
સાતમા તાર પર વાયુ
આઠમા તાર પર
યમ અને
છેલ્લા નવમા તાર પર વિશ્વદેવતાઓ
બિરાજમાન છે.
મને ધારણ કરવાથી શરીર પર નવદેવતાઓ કરે રાજ,
વ્યક્તિને પ્રભુનું સાંનિધ્ય મળે સવાર સાંજ.
મૂળ ત્રણ તાર એ
ગાયત્રી મંત્રનાં ત્રણ ચરણ છે.
ત્રણ નાની ગ્રંથિ એ
ત્રણ આહુતિ છે
અને
એક મોટી ગ્રંથિ એ 'પ્રણવ" — ઓમકાર છે.
વળી મારા ના છેડાની ગાંઠ ગોત્રમાં થઇ ગયેલા ઋષિઓની સૂચક છે.
હું વેદમાતા ગાયત્રીનું
સ્થૂળ સ્વરૂપ છુ.
આ ત્રણ તાર મારા પ્રતીક છે
બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ નુ,
ઉતારે છે બ્રાહ્મણો ના ત્રણ ઋણ
દેવ, ઋષિ ને ઋણ પિતૃ નુ.
મારી ઉપયોગીતા ખાલી
આજ નથી
કિન્તુ વિજ્ઞાન
પણ મને માને છે.
મને ધારણ કરનાર ને હૃદય ની તકલીફ ઠાને છે,
શરીર ના બધાજ અંગો ના રક્તચાપ ને
નિયંત્રિત કરી શકુ છુ.
જમણા કાન પર લગાવો મને કાનની નસ દબાસે બે જેનાથી
આંતરડું તમારું કામ કરશે શ્રેષ્ઠ.
ભૂદેવો,
મારી હાજરી ના અહેસાસ થી જ ખોટુ કામ કરે નહીં
ને મનને રાખું હું કાબુ માં જેથી ભ્રષ્ટાચાર રહે નહીં.
ત્રિગુણ તાર ની શક્તિ મારી રક્ષણ આપે રુગ, યાજુ ને સામ થી.
મને ખાલી ધારણ ના કરો
સમજીલો મારી ભાવના,
હું કઈ ખાલી આઈકાર્ડ નહી
રાખો પવિત્ર મને
એવી એવી મારી ભાવના.
હવે જ્યારે બદલો
મને યાદ રાખજો મારી વાત,
ભૂલતા નહીં મારી ઉપયોગીતા થોડા સ્વાર્થ ને કાજ.
હું છુ જનોઈ હા હું જ છુ જનોઈ
હું ફક્ત ભૂદેવો ની જ નહીં,
હું ફક્ત ચાર વર્ણોની જ નહી
હું ફક્ત હિંદુઓ ની જ નહીં,
હુ સર્વ પવિત્ર જનોની છું...

## બાળલગ્ન અંગે જાણકારી મળે તો જિલ્લા બાળલગ્ન પ્રતિબંધક અધિકારીને જાણ કરવા અનુરોધ

૧૪ મે, ૨૦૨૧ એ અક્ષય તૃતિયાના દિવસે ગુજરાતમાં શુભ પ્રસંગ યોજવામાં આવે છે. આ સમય દરમિયાન કોઈ બાળલગ્ન ન થાય તે માટે બાળલગ્ન પ્રતિબંધક અધિકારીશ્રીની કચેરી દ્વારા જનતા પાસે સહયોગ માગવામાં આવ્યો છે. બાળલગ્ન પ્રતિબંધક અધિકારીની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ -૨૦૦૬ની જોગવાઈ મુજબ ૧૮ વર્ષથી નાની ઉંમરની કન્યા અને ૨૧ વર્ષથી નાની ઉંમરના છોકરા(વર)ના લગ્ન એ કાનૂની ગુનો બને છે. અને જો કોઈ જગ્યાએ આ બાબતનું ઉલ્લંઘન થતું હોય તો બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી કચેરીને જાણ કરવા જણાવવામાં આવે છે. આ કચેરીનો ટેલિફોન નંબર- ૦૭૯-૨૫૫૦૮૭૧૨ અથવા જિલ્લા બાળ સુરક્ષાએકમની કચેરી-ટેલિફોન નંબર- ૦૭૯- ૨૬૫૫૮૭૭૪૦ છે. આ ઉપરાંત ચોવીસ કલાક ચાલતી ચાઈલ્ડ લાઈન સેવાના ૧૦૯૮ નંબર પર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

## સુઈગામ તાલુકામાં નર્મદાની કેનાલોમાં બે દિવસથી પાણી બંધ કરી દેવાતાં ખેડૂતોની હાલત કફોડી



સરહદી સુઈગામ વાવ તાલુકામાં કેનાલો આશિર્વાદરૂપ છે, કેનાલના પાણીના ભરોસે તાલુકાના મોટાભાગના ગામોમાં ખેડૂતો ખેતરોમાં જ રહેણાંક બનાવી સ્થાયી વસવાટ કરી રહ્યા છે, ચાલુ સાલે ના.મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે ઉનાળામાં કેનાલો ચાલુ રાખવાની જાહેરાત કરેલ, પરંતુ નર્મદાના અધિકારીઓ દ્વારા કોઈ સૂચના વગર ૨ દિવસથી તમામ કેનાલોમા પાણી બંધ કરી દેવાતા ખેડૂતો પશુપાલકોની હાલત કફોડી બની જવા પામી છે, કેનાલોના ભરોસે ઉનાળુ બાજરી અને ઘાસચારાનું વાવેતર કરેલ, પરંતુ એકાએક કેનાલોમાં પાણી બંધ કરી દેવાતાં ખેડૂતોની હાલત દયનિય બની જવા પામી છે

અહેવાલ રમેશભાઈ રાજપુત . સુઈગામ

## લગ્નપ્રસંગો મા ડીજે વાળાની, રસોઈયા વાળાની અને આયોજકો ની ખેર નથી

# અક્ષયતૃતીયાના દિવસે રાજપીપળા સહિત નર્મદા જિલ્લામા નર્મદા પોલીસની લગ્ન પ્રસંગોમાં બાજ નજર રહેશે

રાજપીપલા, તા ૧૩

આવતીકાલે અક્ષયતૃતીયાના દિવસે રાજપીપળા સહિત નર્મદા જિલ્લામા નર્મદા પોલીસની લગ્ન પ્રસંગોમાં બાજ નજર રહેશે

કોરોનાની મહામારીને કારણે લગ્ન પ્રસંગમાં ૫૦થી વધુ લોકો નેભેગા નહીં કરવાના હોય તેમજ જાહેરનામાનો ભંગ કરશેતો એમની સામે નર્મદા પોલીસકડક કાર્યવાહી કરશે. એમ નાયબ જિલ્લા પોલીસ વડા રાજેશ પરમારે માહિતી આપતાં જણાવ્યું હતું.



આવતીકાલેઅક્ષય તૃતીયાના સપરમાના દિવસે પોલીસની લગ્ન પ્રસંગોમા બાજ નજર રહેશે.

આ અંગે નાયબ જિલ્લા પોલીસ વડા મદાના રાજેશ પરમારે માહિતી આપતા જણાવ્યું હતું કે નર્મદા જિલ્લામાં ૫૦ થી વધુ લોકોને લગ્ન પ્રસંગમાં ભેગા કરવા પર પ્રતિબંધ હોવા છતાં આયોજકો જો વધુ લોકોને ભેગા કરશે અને કોરોના સંક્રમિત કરશે તો તેમની સામે નર્મદા પોલીસ જાહેરનામા ભંગ કાયદેસરની કાર્યવાહી અગાઉ હાથ ધરી છે

હવે આવતીકાલે અક્ષય તૃતીયાનો દિવસ હોવાથી અને રમજાન ઈદ નો પણ તહેવાર પણ હોવાથી બંને જગ્યાએ લોકોની ભીડ ભેગીના થાય તે માટેનર્મદા પોલીસ ખાસ નજર રાખશે.

આ અંગે નાયબ પોલીસ વડા દેશ પરમારે જણાવ્યું હતું કે અમે લોકોએ પ્રેસમાથી લગ્નની કંકોત્રી ની માહિતી મંગાવી છે. જેના આધારે ૫૦ જેટલા લોકોનેનોટિસ પાઠવી પાઠવી છે.લગ્ન પ્રસંગમાં ૫૦ વધુ લોકોને ભેગા કરવા નહી તે ઉપરાંત આ પ્રસંગમાં ડીજે વગાડનારા લોકોને પણ ખાસ તાકીદ કરી છે. લગ્ન પ્રસંગ મા જાહેર મંચ પર ડાન્સ કે નાચગન કે વરઘોડો કાઢી શકાશે નહીં.તેમજ લગ્ન પ્રસંગમાં રસોઈયાઓ ને પણ તાકીદ કરવામાં આવી છે.૫૦થી વધુ લોકોની રસોઈ બનાવીશકશે નહીં. અન્યથા તેમની સામેપણ કાર્યવાહી કરવામાં આવશે. આવતીકાલે અક્ષય તૃતીયાના દિવસે દરેક લગ્ન સમારોહમાં પોલીસની ખાનગી રાહે બાજનજર રહેશે. પોલીસ ખાનગી વેશમા ફરતી રહેશે અને વગર આમંત્રણે પોલીસ વણ નોતર્યા મહેમાન બનીને ત્રાટકીશકે છે. જેમાં કોઈ પણ વ્યક્તિ કોઈપણ જાહેરનામાનો ભંગ કરશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી થશે તેમ જણાવ્યું હતું

એ ઉપરાંત આવતીકાલે રમઝાન ઈદનોનો પવિત્ર તહેવાર હોવાથી મસ્જિદોમાં મુસ્લિમ બિરાદરોજાહેરમાં ભેગા થઈ શકશે નહીં કે મસ્જિદમા નમાઝ પઢી શકશે નહીં. આ અંગે મુસ્લિમ સમાજના આગેવાનોની મીટીંગ કરવામાં આવી હતી જેમાં મસ્જિદોમાં સમૂહ મા નમાજ નહીં પડવાઅને લોકોને ભેગા નહીં થવાજણાવ્યું હતું અને માત્ર મૌલવીએ જ નમાઝ પઢી લેવાની રહેશે

આ અંગે પ્રાંત અધોકારી ની પણ બાજ નજર રહેશે

આવતીકાલે રાજપીપળા સહિત રાજપીપળામા લગ્ન સમારોહમાં ૫૦થી વધુ લોકોને ભેગા કરવા નહીં, માસ્ક નહીં કરનાર, તેમજ સોશિયલ ડીસ્ટન્સ નહીં રાખનાર લોકો સામે કાયદેદેસરની કાર્યવાહી હાથ ઘરવામાં આવશે. જેનાથી લગ્ન પ્રસંગમાં આવનારા લોકો આયોજકો અને જાનૈયાઓમાંફફડાટ ફેલાયો છે

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## અમદાવાદ જિલ્લામાં ચોમાસાને અનુલક્ષીને ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનની તૈયારી આરંભાઈ

અમદાવાદ જિલ્લામા આગામી ચોમાસાને ધ્યાનમાં લઈ આકસ્મિક પરિસ્થિતિમાં સુચારુ સંચાલન થઈ શકે તે માટે જિલ્લા વહીવટીતંત્રની ડિઝાસ્ટર શાખા દ્વારા તજવીજ હાથ ધરવામાં આવી છે. નિવાસી અધિક કલેક્ટરશ્રી હર્ષદ વોરાએ તમામ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેસુલ)ને આ સંદર્ભે સૂચનાઓ આપી અદ્યતન વિગતો મંગાવી છે.

ચોમાસામાં આકસ્મિક સ્થિતિમાં સંકલન વધુ સુદ્રઢ રીતે થઈ શકે તે માટે નિવાસી અધિક કલેક્ટરશ્રીએ અમદાવાદ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના નવા ચૂંટાયેલા સભ્યોની યાદી(મોબાઈલ નંબર સહિત) માટેની સૂચના આપી છે. આ ઉપરાંત ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી કમ મંત્રીની પણ યાદી(સોફ્ટ કોપી) તૈયાર કરવા માટે જણાવાયું છે.

# આંતરરાષ્ટ્રીય નર્સ દિવસની લાયન્સ ક્લબ શાહીબાગ દ્વારા ઉજવણી કરાઈ



આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ, દર વર્ષે ૧૨ મે ના રોજ યોજાય છે, જે ૧૮૨૦ માં ફ્લોરેન્સ નાઈટિન્ગલના જન્મની યાદમાં ઉજવાય છે, જેને આધુનિક નર્સિંગના પાયા તરીકે 'લેડી વિથ ધ લેમ્પ' તરીકે ઓળખવામાં આવે છે. નર્સ એ કોઈ પણ હોસ્પિટલનું હૃદય છે અને કોઈ પણ હોસ્પિટલ કે ડોક્ટર તેમની હાજરી વિના સફળતાપૂર્વક કાર્ય કરી શકતા નથી.

હાલની કોરોનાની રોગચાળાની પરિસ્થિતિમાં, નર્સોએ નિઃસ્વાર્થતાપૂર્વક દિવસ રાત તેમના પોતાના સ્વાસ્થ્ય અને તેમના પરિવારોના સ્વાસ્થ્યને જોખમમા મૂકીને દર્દીઓ ને પ્રાધાન્ય આપ્યું છે.

નિર્ણયનગર ત્રિશા હોસ્પિટલના ડિરેક્ટર અને રોબોટિક્સ ઘૂંટણની સંયુક્ત સર્જરીમાં નિષ્ણાંત ડો.અલ્પેશ પટેલના માર્ગદર્શન હેઠળ, ૧૨ મે ૨૦૨૧ ના ??રોજ નર્સિંગ ડેની ભવ્યતા સાથે ઉજવણી કરવામાં આવી હતી. અને લાયન્સ ક્લબ શાહીબાગ તરફથી ત્રિશા હોસ્પિટલમાં આવેલી ૨૮ જેટલી નર્સ ને એક સન્માનપત્ર તેમણે કરેલ કામગીરી બાદલ એનાયત કરવામા આવ્યું હતું.અને આ પ્રસંગે દિવ્યપથ ના સંચાલક અને લાયન્સ ક્લબના પ્રમુખ શ્રી સંજયભાઇ પટેલ, સેકેટરી શ્રી નિલમભાઇ ભાવસાર તેમજ નેસ્ટ પબ્લિક સ્કૂલના ડિરેક્ટર શ્રી મિહિરભાઇ દેસાઇ હાજર રહ્યા હતા. તમામ નર્સોને વર્તમાન રોગચાળાની પરિસ્થિતિમાં સમાજ પ્રત્યેના તેમના યોગદાનની પ્રશંસા કરી પ્રમાણપત્ર એનાયત કરાતા આંનદ ની લાગણી અનુભવાઈ હતી.

આ પ્રસંગે હોસ્પિટલના નેહાબેન પૂજરાએ નર્સિંગની શપથ તમામ નર્સો પાસે લેવડાવી હતી, જે જીવનભર પ્રેમ અને કરુણાથી માનવતાની સેવા કરવાની તેમની પ્રતિબદ્ધતા રજૂ કરે છે.

## ચાંદોદ ખાતેથી પસાર થતી નર્મદા નદીમાં ત્રિવેણી સંગમ પવિત્ર ત્રણ સ્થાન માનવામાં આવે છે.

# ભારતનું સુપ્રસિદ્ધ ગણાતું ગુજરાતનું નર્મદા તટે આવેલ ચાણોદ કરનાળી સ્થળ કોરોનામા અંતિમ વિધિ,અસ્થિ વિસર્જન જેવી વિધિઓ માટે જાણીતું બન્યું



**અહીં લાખોની સંખ્યામાં મૃતકોના પરિવારજનો પોતાના સ્વજનો ના મોક્ષ પ્રાપ્તિ માટે વિધિ કરાવવા અને અસ્થિવિસર્જન કરવા આવતા હોય છે.**

રાજપીપલા, તા ૧૨

કોરોના મા લાખો લોકોના રોજગાર ધંધા ભાંગી પડ્યા છે ત્યારે એક માત્ર કોરોનાના પવિત્ર નર્મદા ગંગા કિનારે બ્રાહ્મણો,પંડિતો, અને નાવિકોની રોજગારીને પાંખો ફૂટી છે. આ લોકો નો મોક્ષ પ્રાપ્તિ અપાવવાનો ધંધો જામી પડ્યો છે.ભારતનું સુપ્રસિદ્ધ ગણાતું ગુજરાતનું નર્મદા તટે આવેલ ચાણોદ કરનાળી અંતિમ વિધિ, અસ્થિ વિસર્જન, નારણબલી જેવી વિધિઓમાટે જાણીતું છે. અહીં લાખોની સંખ્યામાં મૃતકોના પરિવારજનો પોતાના સ્વજનો ના મોક્ષ પ્રાપ્તિ માટે વિધિ કરાવવા અને અસ્થિવિસર્જન કરવા આવતા હોય છે.

હાલ કોરોનામા બીજા વેવમા કોરોના મૃતકોની સંખ્યા વધી રહી છે. અંતિમ સંસ્કાર માટે લાશોનો ઢગલા થઈ રહ્યા છે. અસ્થિઓ લેવા માટે લોકોની લાઈન લાગે છે. અહીં પણ વેઈટિંગ ચાલે છે. કોરોનાએ અસંખ્ય લોકોનો ભોગ લેતા સ્મશાનોમાં અસ્થીઓના પોટલા ભરાયાછે હવે તો મૃતકોના સ્વજનો અસ્થિ લેવા જતા પણ ડરે છેબીજાને આ કામ સોંપી દેવાય છે ત્યારે સ્મશાનોમાં બંધ પોટલામાં ધૂળ ખાતા અસ્થિઓ મોક્ષ પ્રાપ્તિનીરાહ જોઈ રહ્યા છે. પણ હવે કોરોના મા ભીડ કરવા પર પ્રતિબંધ મુકાયો છે

ચાંદોદ ખાતેથી પસાર થતી નર્મદા નદીમાં ત્રિવેણી સંગમ પવિત્ર ત્રણ સ્થાન માનવામાં આવે છે. સામાન્ય દિવસો કરતા કોરોના જ્યારથી શરૂ થયો છે. ત્યારથી મૃત્યુ આકમાં વધારો થયો છે. પરિણામે મૃતકોના અસ્થી વિસર્જન માટે તીર્થસ્થાન ચાંદોદમાં કોરોનામા મૃત્યુ પામતા સ્વજનોનો ધસારો જોવા મળી રહ્યો છે. અસ્થી વિસર્જન કરવા માટે આવતા સ્વજનો દ્વારા સ્થાનિક પંડિતો પાસે અસ્થીની પૂજા વિધિ કરાવતા હોય છે. અને તે બાદ ત્રિવેણી સંગમ ખાતે બોટમાં બેસીને અસ્થી વિસર્જન કરવા જાય છે. કોરોનાના કારણે મૃત્યુદર વધવાને પગલે લોકોનો ધસારો રહેતા અસ્થીની પૂજા માટે સ્વજનોને વેઈટિંગમાં ઉભા રહેવું પડે છે.

સ્થાનિક પંડિતે જણાવ્યું હતું કે સામાન્ય દિવસોમાં અસ્થી વિસર્જન માટે આવતા સ્વજનોને અસ્થીની પૂજા માટે રાહ જોવી પડતી ન હતી. પરંતુ કોરોનામાં મૃત્યુ આકમા થયેલા વધારાને કારણે અસ્થિ વિસર્જન માટે આવતા સ્વજનોનો ધસારો રહેવાથી સ્વજનોને અસ્થિ વિસર્જન માટે રાહ જોવી પડે છે. અસ્થીની પૂજા માટે પંડિતો પાસે વેઈટિંગ હોવાના કારણે અસ્થીની પૂજા માટે રાહ જોવી પડે છે.

કોરોનામા હાલ અહીં ભેગા થવા પર પ્રતિબંધ છે.લોકો વિધિ કરાવવા મોં માંગ્યા દામ આપવા તૈયાર થઈ જાય છે. તો બીજી બાજુ ચાંદોદમા મલ્હારઘાટથી ત્રિવેણી સંગમ સુધી બોટમા અસ્થી વિસર્જન માટે લઈ જતા નાવિકોને પણ આજીવિકા મળી રહી છે. તે સાથે પંડિતોને પણ અસ્થિ વિસર્જનની પૂજા માટે કામ મળી રહ્યું છે

તસ્વીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# નાંદોદ તાલુકાના ટીંબી ગામના પાટીયા પાસે પોલીસ કોન્સ્ટબલ ઉપર જીવલેણ હુમલો

રાજપીપલા, તા ૧૨

નાંદોદ તાલુકા ના આમલેથા પોલીસ મથકના પોલીસ કોન્સ્ટબલ ઉપરનાંદોદ તાલુકાના ગામકુવા ગામની સીમમાં ટીંબી ગામના પાટીયા પાસે ૬ જેટલાં ઈસમો દ્વારા જીવલેણ હુમલો કરી લાકડીથી બરડાના ભાગે માર મારી પોલીસ કોન્સ્ટેબલને પકડી તેના પેન્ટના ખિસ્સામાં રાખેલ રોકડા રૂપિયા તથા મોબાઈલ ફોનની લુંટ કરવાની કોશીષ કરવાની ચકચારી ઘટના ઘટવા પામી છે. તેમજતેનો પીછો કરતા આ આગલુ ટાયર પોલીસ કોન્સ્ટેબલના

મો.સા. ના પાછળના ટાયર સાથે અથાડી દઈ પોલીસ કોન્સ્ટેબલને મો.સા. સાથે જમીન ઉપર પાડી દઈ નાશી જતા આરોપીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ અંગે આમલેથા પોલીસ કોન્સ્ટેબલે જાતે ફરિયાદી બની ફરીયાદી પોલીસ કોન્સ્ટબલ સંજયભાઈ અરવિંદભાઈ વલવી એ આરોપીઓ ૧) સ્નેહલભાઈ વસાવા (રહે.ગામકુવા) તથા (૨) શીવાભાઈ વસાવા (રહે.ગામકુવા)તથા બીજા અન્ય છ ઈસમો તમામ રહે.ગામકુવાસામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદની વિગત અનુસાર ફરીયાદી પોલીસ કોન્સ્ટબલ સંજયભાઈ પોતાની સુપર બ્લેન્ડર મો.સા. નં. જીજે.૩૪.ડી.૩૭૯૨ ની લઈને પ્રતાપનગર ગામે પેટ્રોલીગમાં જતા હતા. તે વખતે ગામકુવા ગામની સીમમાં ટીબી ગામના પાટીયા પાસે રાજપીપલા - અંક્લેશ્વર હાઈવે રોડ ઉપર આ કામના આરોપીઓ

સ્નેહલભાઈ તથા (૨) શીવાભાઈ વસાવા તથા બીજા અન્ય છ ઈસમો એ ફરીયાદીપોલીસ કોન્સ્ટેબલની મો.સા. રોકી ફરીયાદીને લાકડીથી બરડાના ભાગે માર મારી ફરીયાદીને પકડી ફરીયાદીના પેન્ટના ખિસ્સામાં રાખેલ રોકડા રૂપિયા તથા મોબાઈલ ફોનની લુંટ કરવાની કોશીષ કરી હતી. જેમાં બંને આરોપીઓ તેઓની શાઈન મો.સા. નં.જીજે.૧૬.બીડી.૩૩૮૪ ની ચાલુ કરીને તેના ઉપર બેસી ગામકુવા ગામ તરફ નાસવા લાગેલ. તેથીઆરોપીઓનો પીછો કરતા ગામકુવા ગામમાં જતા ફરીયાદીએ આરોપીની મો.સા. ન ઓવરટેક કરી રોકવાનો પ્રયત્ન કરતા આરોપી સ્નેહલભાઈ વસાવાએ તેની મો.સા. પુરઝડપે અને બેદરકારી રીતે મો.સા ચલાવી મો.સા. નુ આગલુ ટાયર ફરીયાદીની મો.સા. ના પાછળના ટાયર સાથે અથાડી દઈ ફરીયાદીને મો.સા. સાથે જમીન ઉપર પાડી દઈ નાશી ગયેલ.તેમજ આ આરોપીઓએ હાલમાં જિલ્લા મેજિસ્ટ્રેટના કોવીડ ૧૯ અન્વયે જાહેર કરેલ જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતા તેમની સામે કાયદેસરની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.

જયોતિ જગતાપ, રાજપીપલા

# નર્મદા જિલ્લામાં આજે કુલ-૪૪ પોઝિટિવ કેસ નોંધાયા

રાજપીપલા,તા ૧૨

COVID-19 મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ.કશ્યપ તરફથી આ કલાકે પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૩૪ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૦ સહિત કુલ-૪૪ પોઝિટિવ કેસ નોંધાયા છે.

રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૨૭ દરદીઓ અને કોવિડ કેર સેન્ટરમાંથી સાજા થયેલાં ૧૪ દરદીઓને આજે રજા અપાઇ છે આમ, હોમ આઇસોલેશનમા ૯૧ દરદીઓ ઉપરાંત રાજપીપલાની કોવિડ હોસ્પિટલ ખાતે આજની સ્થિતિએ હવે ૪૪ દરદીઓ, રાજપીપલાની કોવિડ કેર સેન્ટર ખાતે ૧૨૩ અને પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે ૪૮ દરદીઓ સહિત કુલ-૩૦૬ દરદીઓ સારવાર હેઠળ છે.

આજે RTPCR ટેસ્ટમાં ૫૧૪ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૦૨૩ સહિત કુલ-૧૫૩૭ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે.

પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લામાં આજે તા.૧૨ મી મે, ૨૦૨૧ ના રોજ આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૭૭,૫૨૩ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસી,તાવ, ઝાડાના દરદીઓ સહિત કુલ-૪૫૫ જેટલા દરદીઓ ઉકત ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૬૩૦૧ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૫૦૮૭૭ લોકોને વિતરણ કરાઇ છે.

જયોતિ જગતાપ, રાજપીપલા

# નેત્રંગ મોવી રોડ પર પેસેન્જર ઈકો કારને ટ્રક સાથે નડેલા ગમખવાર અકસ્માત,પાંચના કરુણ મોત

રાજપીપલા, તા ૧૨

આજે નેત્રંગ મોવી રોડ પર મુસાફરોને ભરીને લઈ જતી પેસેન્જર ઈકો કારને ટ્રક સાથે નડેલા ગમખવાર અકસ્માતમા કૂલ પપાંચ ના કરુણ મોતનીપજ્યા છે જેમાં ૧નું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જેમાં ૪ મહિલાઓનેગંભીર ઈજા થતા તેમને વધુ સારવાર માટે રાજપીપલા સિવિલ મા ૧૦૮દ્વારા રાજપીપલા લાવવામાં આવ્યા હતા. જ્યાં આવધુ ૪ના મોત સહિત કૂલ ૫ના મોત નીપજતા એરેરાટી વ્યાપી હતી.



પ્રાપ્ત માહિતી અનુસાર આજેનેત્રાંગ મોવી રોડ પર મુસાફરોને ભરીને લઈ જતી પેસેન્જર ઈકો કાર ને ટ્રક સાથેઅકસ્માત નડ્યો હતો.આ માર્ગ પરથી એક પેસેન્જર ઈકો કાર મુસાફરોને બેસાડી પસાર થઈ રહી હતી તે દરમ્યાન પુર ઝડપે આવી રહેલ ટ્રકે ઈકો કારણે ટક્કર મારી હતી. જેને કારણે કાર માર્ગની નીચે ખાઈમાં ખાબકી હતી જેમાં ૧ વ્યક્તિનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું જ્યારે બાકીના ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ ની મદદથી સારવાર અર્થે રાજપીપળા ખાતે ખસેડવામાં આવ્યા હતા, જેમાં ગંભીર ઈજાના પગલે ૪ મહિલાઓના સારવાર દરમ્યાન મોત નિપજ્યા હતા.

બનાવના પગલે ઘટના સ્થળે લોકોના ટોળા એકત્રિત થઈ ગયા હતા. બનાવની જાણ થતા જ નેત્રંગ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને અકસ્માતગ્રસ્ત કારને બહાર કાઢી હતી. પોલીસે અકસ્માત સર્જનાર અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મૃતકો ખાનગી કંપનીમાં કામ કરતા હતા અને કામ પૂર્ણ કરી ઘરે જઈ રહ્યા હતા ત્યારે આદુર્ઘટના ઘટી હતી

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# નર્મદા જિલ્લામાં કોવીશિલ્ડ વેકસીનનો પ્રથમ ડોઝ લેનાર લાભાર્થીઓએ ૪૨ દિવસ બાદ વેકસીનનો બીજો ડોઝ લેવાનો રહેશે



રાજપીપલા,તા ૧૨

હાલ કોવિડ-૧૯ અંતર્ગત સમગ્ર રાજયમાં વેક્સીનેશનની કામગીરી ચાલી રહી છે. નર્મદા જિલ્લા ખાતે પણ વેક્સીનની કામગીરી રાજયકક્ષાની સૂચના અનુસાર શરૂ છે. હાલ નર્મદા જીલ્લામાં માત્ર ૪૫ થી વધુ વય ધરાવતા લાભાર્થીઓ તથા હ્નન્ઉ તેમજ HCW ને વેક્સીનેશન આપવાની કામગીરી ચાલી રહી છે.

રાજય સરકારશ્રીની સુચનાથી જે પણ લાભાર્થીઓએ કોવીશિલ્ડ વેકસીનનો પ્રથમ ડોઝ લીધેલ હોય તેવા લાભાર્થીઓએ કોવીસીલ્ડ વેકસીનનો બીજો ડોઝ ૪૨ દિવસ પછી લેવાનો રહેશે અને કોવિન પોર્ટલમાં ડેટા એન્ટ્રી પણ ૪૨ દિવસ પછી કોવીસીલ્ડ વેકસીનનો બીજો ડોઝ આપ્યા પછી જ થશે

તેમજ હવેથી લાભાર્થીને આપવામાં આવતા વેકસીનેશન કાર્ડમાં અને વેકસીનેશન રજીસ્ટરમાં પણ સુધારો કરીને આપવાનો રહેશે, તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત રાજપીપલા- જિ.નર્મદા તરફથી એક અખબારી યાદીમાં જણાવાયું છે.

તસવીર :જયોતિ જગતાપ, રાજપીપલા

# પાલક માતા-પિતા યોજના હેઠળ કોરોના માં છત્રછાયા ગુમાવનારા બાળકોને આશ્રય પૂરો પડાશે

## બાળક ૧૮ વર્ષનો થાય ત્યાં સુધી રાજ્ય સરકાર દ્વારા દર મહિને રુ. ૩,૦૦૦ની સહાય

ગુજરાત સરકારે કોરોના મહામારીના કપરા સમયમાં બાળકોને સુરક્ષા મળી રહે તે માટે મહત્વનો નિર્ણય લીધો છે. જે અનુસાર કોઈ પણ પરિવારના ૦ થી ૧૮ વર્ષના બાળકો સુરક્ષા વિનાના ન રહે એ માટે સુરક્ષા-કવચ પુરુ પાડવામાં આવ્યું છે.

જે મુજબ કોરોનાની મહામારીમાં જે બાળકોના માતા અને પિતા બંનેનુ અવસાન થઈ ગયું હોય અને એ બાળક-બાળકોને એના કોઈ પણ સગા ઉછેરતા હોય તો એ બાળકની ઉંમર ૧૮ વર્ષની ઉંમર સુધી પાલક માતા-પિતા યોજના હેઠળ દર મહિને બાળકદીઠ રુ. ૩,૦૦૦ ની સહાય આપવામાં આવશે.

જ્યારે જે બાળકના પિતાનું અવસાન થયું હોય અને માતાને બાળકને મૂકીને બીજે પુનર્લગ્ન કર્યા હોય એવા કિસ્સામાં પણ એ બાળકની ૧૮ વર્ષની ઉંમર સુધી પાલક માતા-પિતા યોજના હેઠળ દર મહિને બાળક દીઠ રુ. ૩,૦૦૦ની સહાય આપવામાં આવશે.

આ કામગીરી માટે જિલ્લા બાળ સુરક્ષા એકમ, અમદાવાદની કચેરીનો ૦૭૯-૨૬૫૮૭૭૪૦ પર સંપર્ક કરવાનો રહેશે.

આ ઉપરાંત જે બાળકોના માતા-પિતાને કોરોના પોઝીટીવ હોવાના કારણે હોસ્પિટલમાં દાખલ કર્યા હોય અને તેમના બાળક-બાળકોની સાર-સંભાળ રાખનાર કોઈ જ ન હોય તેવા કિસ્સામાં ૦ થી ૧૮ વર્ષના બાળકોની નીચે દર્શાવેલ સંસ્થાઓમાં પ્રવેશ આપી સાર-સંભાળ રાખવામાં આવશે.


૬ થી ૧૮ વર્ષના છોકરાઓ માટેની સંસ્થા- ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, શિયાળ, ગામ- શિયાળ, તા- બાવળા, જિલ્લો – અમદાવાદ. સંપર્ક નંબર- ૯૫૫૮૮૭૮૨૬૫

૬ થી ૧૮ વર્ષની છોકરીઓ માટે સંસ્થા- ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ,ઓઢવ, પાણીની ટાંકી પાસે, જીઆઈડીસી ઓઢવ, અમદાવાદ. સંપર્ક નંબર- ૯૨૬૫૧-૭૩૬૬૪

૦ થી ૬ વર્ષના બાળકો માટેની સંસ્થા – સ્પેશ્યલાઈઝ્ડ એડોપ્શન એજન્સી- ઓઢવપાણીની ટાંકી પાસે, જીઆઈડીસી ઓઢવ, અમદાવાદ. ૮૯૮૦૮૪૧૮૩૨

ઉપરોક્ત સંસ્થાઓમાં બાળકોના પ્રવેશ મેળવવા માટે ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરપર્સન શ્રી ચંદ્રિકાબહેન- ૯૪૨૬૦-૮૨૫૬૬, સભ્ય શ્રીઅજીતભાઈ- મો- ૯૪૨૭૦-૫૦૨૭૦, સભ્ય શ્રી જીતુભાઈ- મો- ૯૮૯૮૦-૧૯૪૪૨ અને સભ્ય શ્રી સંતોષભાઈ- ૯૪૨૬૦-૭૭૫૫૦નો સંપર્ક કરી મંજૂરી મેળવવાની રહેશે.

# માથેરાનમાં ૪૬૦ ઘોડાઓને સમસ્ત મહાજન દ્વારા ૪ લાખનાં ઘાસ-ચારાનું દાન



પરદુઃખે ઉપકાર કરવો એ માનવ જીવનને સાર્થક કરવાની પહેલી શરત છે. સમસ્ત મહાજનનાં અગણિત સેવાકાર્યના પાયામાં આ શુધ્ધ ભાવના, ગુરૂદેવોની પરમ કૃપા, સાધુ-સાધ્વી ભગવંતોના આશીર્વાદ તથા માર્ગદર્શન, દાતાઓનો સબળ સાથ અને ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓનો સેવા કરવાનો અખૂટ ઉત્સાહ સમાયાં છે. કોરોના વાઈરસે સર્જેલી અકલ્પનીય પરિસ્થિતિ અને લોકડાઉનથી લઈને હમણાંના અનલોકના સમય સુધી સમસ્ત મહાજને જે સુકૃતો કર્યા છે એ અસાધારણ અને ખરા અર્થમાં અનુમોદનીય છે. સમસ્ત મહાજનના નામથી આખો દેશ પરિચિત છે. સેવાની વાત આવે, પરોપકારની વાત આવે કે વાત આવે અનુકંપા અને જીવદયાની, સમસ્ત મહાજન દરેક મોરચે ઉત્કૃષ્ટ કાર્યો કરતી આશીર્વાદરૂપ સંસ્થા બની છે. માથેરાનમાં ૪૬૦ ઘોડાઓને સમસ્ત મહાજન દ્વારા ૪ લાખનાં ઘાસ-ચારાનું દાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર અને સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ, નંદપ્રભા પરિવારનાં પરેશભાઈ, દાનવીર નિખીલભાઈ શ્રોફ, ઉષા ઈસ્કોર્ટ રીઝોર્ટનાં માલિક તેમજ માથેરાનના મેયર શ્રીમતી પ્રેરણા સાવંત, માથેરાનનાં પોલીસ અધિકારી કાલે સાહબ, અશ્વ પાલક સંઘના બંને અધ્યક્ષ, નેરલનાં જૈન ગૃપથી શ્રીમતી શિલ્પાજી જૈન, દિલીપભાઈ કોઠારી ઉપસ્થિત રહ્યા હતા. આવું જ અન્ય કાર્યક્રમનું આવતા સપ્તાહમાં આયોજન કરવામાં આવ્યું છે જેમાં દરેક અશ્વપાલક શ્રમદાન કરશે. ૪ દિવસ માથેરાનનાં તળાવમાંથી માટી એકઠી કરીને શ્રમદાન કર્યા બાદ જ તેમને તેમના અશ્વો માટે ઘાસ ચારો આપવામાં આવશે. સમસ્ત મહાજન લોકડાઉનમાં આરંભેલાં અને હાલમાં પણ ઉપયુકત એવાં અનેક સેવાકાર્યો આગળ વધારી રહી છે. આપણે એવી ભાવના સેવીએ કે સમસ્ત મહાજન દિન-પ્રતિદિન વધુ બળવતર થાય. એની સેવા થકી લાખો-કરોડો જીવન શાતા પામતા રહે. માથેરાનમાં અબોલ જીવોને લઈને ઘણા પ્રશ્નો છે જે અંગે સમસ્ત મહાજન કાર્ય કરી રહ્યું છે આ માટે સૌ નાં સહયોગની આવશ્યકતા છે તે અંગે અનુદાનની વિનંતી કરવામાં આવી છે : એક ઘોડાનો એક દિવસનો ખર્ચ – રૂ. ૨૦૦, એક ઘોડાનો એક મહિનાનો ખર્ચ – રૂ. ૪૦૦, એક ઘોડાનો એક વર્ષનો ખર્ચ – રૂ. ૨૦,૦૦૦ અનુદાનની વિશેષ વિગતો માટે શ્રી ગિરીશભાઈ શાહ (મો: ૯૮૨૦૦ ૨૦૯૭૬)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

- શ્રી ગિરીશભાઈ શાહ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.